॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

નખત્રાણા-કચ્છ

સં - ૨૦૭૯ | કારતક વદ: ૧૨ | રવિવાર | તા.: ૨૦.૧૧.૨૦૨૨ | SDP No. : 941 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

શ્રીમદ્ દેવી ભાગવત કથા, માં ઉમિયાધામ, નાગપુર નવમો (અંતિમ) દિવસ.

વક્તાશ્રી જીજ્ઞેશ દાદા સાથે શ્રી જીવરાજભાઈ હળપાણી પરિવાર

હિન્દુ સંસ્કૃતિ તથા ધાર્મિક વિધિવિધાન પાછળનો મર્મ દર્શાવતો પવિત્ર ગ્રંથ શ્રીમદ્ દેવી ભાગવત કથા ના નવમા અંતિમ દિવસના પ્રારંભ માં ભાગવતાચાર્ય વક્તા શ્રી જીજ્ઞેશ દાદા (રાધે રાધે) નાં મુખારવિંદ થી માં પરાશક્તિ પરમેશ્વરી માં આંબાની સ્તુતિ, મંગલાચરણ અને ભવાની અષ્ટકમ નાં દિવ્ય ગુણવત્તા ભર્યા પાઠનું ગુણગાન કરવામાં આવ્યું હતું.

વક્તાશ્રી ની અમૃતવાણી થી તુલસી આખ્યાન, નારાયણ કવચ, શંખચૂડ વધ, ધર્મનિષ્ઠ રાજા અશ્વપતિ ની કથા, પરાસુર ઋષિ, વેદ રૂપા - વેદની જનની માતા સાવિત્રી ની પ્રાગટય કથા વૃત્તાંત, સાવિત્રી - સત્યવાન કથા, ગાયત્રી મંત્રનો મહિમા, મહાલક્ષ્મી પ્રાગટય કથા, વામન ભગવાન - બલી રાજા કથા, ઈંદ્ર - બ્રહસ્પતી કથા, જેવી અનેક કથાઓનું અમૃતપાન દ્રષ્ટાંતો સાથે કરાવ્યું હતું.

શ્રી જીજ્ઞેશ દાદા દ્વારા યજ્ઞ ની હોમ - હવન ની ધાર્મિક વિધિ , કર્મનો સિદ્ધાંત, કર્મ નો પ્રભાવ, દાન - દક્ષિણા નું મહત્વ, ૧૦૮ માળાના મણકા , ગૌ સેવા અને કામધેનુ ગાયનું મહત્તમ અને ગૌ સેવા સર્વોપરી શ્રેષ્ટ સેવા , ગૌ માતાનું રક્ષણ અને પાલન જેવા વિષયો પર કથન કહ્યા હતાં. સાથે ઉદબોધન કરતા કહ્યું હતું કે જે ઘરમાં રોજ શ્રીમદ્ દેવી ભાગવતનું કથા- કીર્તન થાય છે. પૂજા થાય છે એ ઘર પવિત્ર તીર્થભૂમિ બને છે. ધનધાન્યથી સમૃદ્ધ બને છે. આધિ- વ્યાધિ- ઉપાધિ દૂર થાય છે. દીર્ઘાયુ મળે છે.

વકતાશ્રી જીજ્ઞેશ દાદાની સુમધુર વાણી થી નવ દિવસીય શ્રીમદ્ દેવી ભાગવત પુરાણ ના જુદા જુદા પ્રસંગો સહિત દેવી - માહત્મ્ય , દેવી - આરાધના ની વિધિ તથા દેવી - ઉપાસનાના ફળ સ્વરૂપે પ્રાપ્ત શુભ પરિણામોનાં રોચક તથા જ્ઞાનપ્રદ કથાઓ મહાશક્તિ ,જગતજનની , જગદંબાના સ્વરૂપો અને તેમની લીલાઓનું સરળ અને સુંદર શૈલીમાં વર્ણન વિવિધ વ્યાખ્યાન, દ્રષ્ટાંત , કથનો નાં માધ્યમથી સૌ શ્રોતા ગણોએ પૂરા શ્રદ્ધા , આસ્થા અને ભાવવિભોર થઈને શ્રવણ કાર્ય હતા . અંતમાં માતાજી નાં ગરબા અને વિદાય ભજન નું ગાયન કરીને કથાની પૂર્ણાહુતિ કરેલ હતી.

કથા પૂર્ણાહુતિ બાદ સ્વર્ગસ્થ દમયંતીબેન જીવરાજભાઈ હળપાણી ની પુણ્યતિથિ નિમિત્તે અને ભારતી દીદી ગૌશાળા સંસ્થા, નાગપુર ના લાભાર્થે કરવામાં આવેલ શ્રીમદ્ દેવી ભાગવત કથા ના આયોજન ના આયોજક પુણ્યશાળી યજમાન , માં ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટ ના ચેરમેન શ્રી જીવરાજભાઈ હળપાણી નું ભારતી દીદી ગૌશાળા સંસ્થા વતીથી સ્મૃતિ ચિહ્ન ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

માં ઉમિયાની પૂજન - આરતી બાદ સૌ ભક્તોએ મહા પ્રસાદ લીધો હતો. આ નવ દિવસીય કથા દરમિયાન દૈનિક મહાપ્રસાદ માં દરરોજ ૨૦૦૦ જેટલા ભક્તો લાભ લેતા હતા.

રાત્રે મહારાસ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જ્યોતિ રાજેશ સેંધાણી.
સામાજીક અને આધ્યાત્મિક સમિતિ.
વિદર્ભ રીજીયન.

માં ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટ ના ચેરમેન- જીવરાજભાઈ હળપાણી સાથે ભારતી દીદી ગૌશાળા સંસ્થા નાગપુર ના સેવકો

માં દુર્ગા નું સ્વરૂપ

નાગપુર માં ઉમિયા માતા મંદિર

વિરાણી (મોટી) રાત્રિ ક્રિકેટ નું આયોજન

વિરાણી મોટી સ્પોર્ટ્સ ક્લબ આયોજિત અખિલ કચ્છ ગ્રામ પંચાયત રાત્રિ પ્રકાશ મેચ
સ્વ નકુલસિંહજી જયેન્દ્રસિંહજી જાડેજા સ્મૃતિ કપ
ઉદઘાટન સમારોહ તા.૧૯/૧૧/૨૨ નાં
ઉપસ્થિત મહેમાન
સહદેવસિંહ મહિપતસિંહ જાડેજા દ્વારા દીપ પ્રાગટ્ય તથા મેચ ટોસ વિધિ કરી ટુર્નામેન્ટ સરૂં કરવામાં આવી
જયદીપસિંહ પ્રધ્યુમનસિંહ જાડેજા
ઇન્ટરનેશનલ ક્રિકેટર દિનેશ નાકરાણી,
ભરતભાઈ સોમજીયાણી (પુર્વ પ્રમુખ તાલુકા પંચાયત)
ગોવિંદભાઈ બળિયા (સરપંચ પ્રતીનીધી)
છગનભાઈ આઇયા (પુર્વ સરપંચ)
અનિલભાઈ ભાનુશાલી (પ્રમુખ વેપારી મંડળ)
સુર્યકાન્ત ધનાણી (ચેરમેન શીક્ષણ સમીતી)
રતિલાલ ભાઈ સેંધાણી (ઉપસરપંચ)
અજુભાઈ ખલીફા (પુર્વ ઉપસરપંચ)
ઈભલા ભાઈ ચાકી આગેવાન
વસંતભાઈ ગઢવી આગેવાન
કાનજી બળિયા (ન્યાય સમિતિ ગ્રામ પંચાયત પ્રતિનિધિ)
જયેશ દીવાની (ગ્રામ પંચાયત સદસ્ય)
જાકબ ભાઈ સાટી (સાટી સમાજ આગેવાન)
તથા તમામ આયોજિત મહેમાનો
તમામ મહેમાનો નો આયોજન ગ્રુપ તરફથી સન્માન કરવામાં આવ્યું.
(કચ્છ ન્યુઝ)

ગુજરાત માં રાજકીય ચહલપહલ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન VUF ના માં ઉમિયાના સેવક એવા પ્રકાશભાઈ વરમોરાજી ને રાષ્ટ્ર સેવા માટેની તક ભારતીય જનતા પાર્ટી એ ધ્રાંગધ્રા થી ધારાસભ્ય ની ઉમેદવારી આપેલ છે. તેઓને શુભેચ્છા પાઠવવા અને પ્રચાર કરવા પહોંચેલ વિશ્વ ઉમિયા યુથ કાઉન્સિલ ના ચેરમેન અને યુવાસંઘ IPP ડૉ. વસંત ધોળુ, મહામંત્રી જીતુભાઈ પટેલ, VUF પ્રભારી અને શ્રીસમાજના ઉપપ્રમુખ જયંતીભાઈ રામાણી, સહપ્રભારી અશોકભાઈ પટેલ સાથે યુવાસંઘ સેક્રેટરી નિલેશ સુરાણી. ધ્રાંગધ્રાની નજીક રાજચરાડી, મેથાણ, માનપુર જેવા નાના ગામડાઓમાં પ્રકાશભાઈ વરમોરાજી ની સાથે પ્રચારમાં રહી તેમનો જુસ્સો વધાર્યો હતો.

હિતેશ રામજીઆણી નાં જન્મ દિવસે રદ્દી સે સમૃદ્ધિ નો સંકલ્પ કરવામાં આવશે

આજે ૨૦ નવેમ્બર નાં હિતેશ રામજીઆણી યુવાસંઘ સેન્ટ્રલ પ્રેસિડેન્ટ નો જન્મ દિવસ છે જેમને આપણે સહું શુભેચ્છા પાઠવીએ.

આજ હિતેશ રામજીઆણી ને દરેક યુવાઓ એક માત્ર શુભેચ્છા રૂપી સંકલ્પ રદ્દી સે સમૃદ્ધિ નાં પ્રોજેક્ટ માં રદ્દી અર્પણ કરવાનો ખાસ સંકલ્પ પાઠવે..

સાચેજ આજે એવા લાગણી પૂર્વક નાં સંકલ્પ જાહેર થાય અને તે અર્પણ કરી ને અભિનદન આપવામાં આવશે..

યુવાસંઘ નાં ત્રિસ્તરીય માળખામાં આવતા તમામ પોતાનો ખુશી નો સંકલ્પ આપી નાનકડો પણ વિશાળ લક્ષ પ્રાપ્ત થાય..

મારો સંકલ્પ યુવાસંઘ નાં પ્રેસિડેન્ટ હિતેશ રામજી રામજીઆણી નાં કર્મઠ કાર્યકરો તરીકે રદ્દી ... કિલો અર્પણ કરવાનો સંકલ્પ કરું છું .

આપ વધુ માં વધુ કાર્યકરો જાહેર કરી આજે ઉજવણી કરવામાં આવશે..

વૈદિક વાસાણી દરિયા નાં પાણી થી વીજળી ઉત્પન્ન કરવા નો પ્રોજેક્ટ

ઈન્ડિયન ઈન્ટરનેશનલ ઈનોવેશન એન્ડ ઈન્વેશન દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રદર્શન ગોવા મુકામે રાખવામાં આવ્યું હતું. જેમાં સુરત સમાજ નો દિકરો અને ધોળકિયા નિર્માણ કોમ્યુનિટીનો વિદ્યાર્થી કૌશલ તુલસીદાસ વાસાણીએ શિક્ષક ભૌતિક બલરના માર્ગદર્શન હેઠળ ડુમસના દરિયા કિનારેથી વિજળી ઉત્પન કરતો (વૈદિક ઇલેક્ટ્રીક સીટી) પ્રોજેક્ટ રજુ કર્યો હતો અને આ પ્રોજેક્ટને આ પ્રદર્શનમાં સિલ્વર મેડલથી સન્માનિત કરવામાં આવ્યો હતો...

ટીમ.ડી.જી.આર અને ડી.જી.એસ દિકરા કૌશલ તુલસીદાસ વાસાણીને એમની અદભુત સિદ્ધિ બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવે છે..

સનાતની શતાબ્દી મહોત્સવ આયોજન અંગે બેઠક (કડોદરા સુરત)

ગત રોજ કેન્દ્રીય સમાજ ના અગ્રણીઓ અને શતાબ્દી મહોત્સવ આયોજન ચેરમેન ગોપાલભાઈ અને રમેશભાઇ સાથે કેટલાક દક્ષિણ ગુજરાત ઝોન સમાજ ના કાર્યકરો સાથે સમીક્ષા અને સંકલન બેઠક કડોદરા મુકામે મળ્યા જેમાં ચંદ્રકાંત છાભૈયા અને અબજીભાઈ વડીલ મુંબઈ થી તેમજ ગોપાલભાઇ ભાવાણી કચ્છ માંથી પધારેલ..

મહામંત્રી પરસોતમ ભગત ને ત્યાં બનેલ દુર્ઘટના બાદ મળવાની અનુકૂળતા સધાઈ નાં હતી જેથી સમગ્ર આયોજન અંગે ની માહિતી અને કેટલીક કમિટી નાં નિર્માણ અંગે ની ચર્ચા કરવામાં આવેલ.આગામી ટૂંકા સ્મયનમાં જ હવે ભારત ભ્રમણ સાથે આગોતરું સનાતની આમંત્રણ પાઠવવા અને અધિવેશન અંગે ની ચર્ચા કરવા તેમજ રદ્દી સે સમૃદ્ધિ લક્ષ નાં સંકલ્પ સિદ્ધ કરવા જુદી જુદી ટીમ બનાવી ઘટક સમાજમાં સનાતની બુલંદ અવાજ ને પ્રગટ કરવાનો પ્રયાસ કરવામાં આવે તેમાં મૂળ સનાતની જાગૃતિ અભિયાન ની ચળવળ જેતે સમયે કરવામાં આવી તેવા કર્મઠ પદભાર ની ફરજ અદા કરવાની જરૂર છે.

વિવિધ પ્રવૃતિઓ સાથે આપણો મૂળભૂત હેતુ સાથેનું આયોજન હોય તે બાબતે ચર્ચા કરવામાં આવી.કચ્છ થી આવી રહેલ ગોપાલભાઇ ટ્રસ્ટી દ્વારા કચ્છ માં ઝોન સમાજ સાથે રહી કરેલ પ્રવૃતિઓ ની માહિતી આપલે કરવામાં આવેલ..

ચૂંટણી અને રણોત્સવના કારણે આજથી ભુજ-મુંબઈ વચ્ચે રોજ ફલાઇટની સેવા

જિલ્લામથક ભુજ એરપોર્ટ પર અવારનવાર વિમાનીસેવા વધારવાની માંગણી વચ્ચે આખરે ભુજ-મુંબઈની હવાઈ સેવા રેગ્યુલર થઈ રહી છે. અગાઉ માત્ર સપ્તાહમાં ૦૪ જ દિવસ ભુજ અને મુંબઈ વચ્ચે હવાઈ કનેક્ટિવિટી હતી. જેની સામે હાલમાં રણોત્સવના પ્રવાસીઓનું આગમન અને ચુંટણીને લઈને નેતાઓનું આગમન થતું હોઇ આ સેવા રેગ્યુલર થઈ છે. આજથી ભુજ અને મુંબઈ વચ્ચે દરરોજ વિમાનીસેવા મળી રહેશે.

જેથી લાંબા સમયથી યાતાયાતની રાહ જોતું ભુજ એરપોર્ટ ફરી વિમાન અને પ્રવાસી ઓના આવાગમનથી ધમધમતું થઈ જવાનું છે. મહ્ત્વની વાત એ છે કે, આગામી ફેબ્રુઆરી મહિનામાં સફેદ રણ ખાતે જી-20 ની સમીટ યોજાવાની છે જેને લઈને વિદેશના ડેલીગેટ્સ પણ ધોરડો આવશે. જેથી ચૂંટણી પૂર્ણ થતાં ડિસેમ્બર અંત સુધીમાં નવી વિમાની સેવા શરૂ થવાની શકયતા છે.

મહિલા સંઘ દ્વારા વિવિધ વિસ્તાર નાં મહિલા શકિતઓ નાં સંગઠન ની રચના

સમાજ ના ઝોન અને યુવાસંઘ નાં રીજીયન ની જેમ ૨૫ વર્ષ ની રજત જયંતિ નિમિતે મહિલા સંઘ નાં જશોદાબેન નાંકરાણી પ્રમુખ દ્વારા સ્ત્રી શકિતને સંગઠન ને પણ મજબૂત માળખું અને વૈવિધ્ય સાથે ઊર્જા વાન નેતૃત્વ પણ કેન્દ્રીય મહિલા સંઘ ને પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરવા જરૂરી છે. આથી ભારત ભર માં કેટલાક ઝોન સમાજ દ્વારા મહિલા શક્તિ નાં સંગઠન નિર્માણ કરવાનું કાર્ય સોંપવામાં આવેલ.મહિલા શકિતઓ નાં વિભાગીય સંગઠન ની રચના#

સાબરકાંઠા ઝોન માં મહિલા શક્તિપીઠ સંગઠન ની રચના તા.૨-૧૧-૨૦૨૨ના રોજ સાબરકાંઠા ઝોન સમાજની કારોબારીમાં મહિલા સંઘ કેન્દ્રીય ટીમ નાં તરફથી મળેલ પત્રના અનુસંધાને મહિલાસંઘ સાબરકાંઠા ઝોનની (શકિતપીઠ) રચના કરવામાં આવી. જેના હોદ્દેદાર તથા કારોબારી સભ્યના નામની યાદી નીચે મુજબ છે.

(૧) પ્રમુખ - પાર્વતીબેન શાન્તિલાલ નાકરાણી તલોદ મો .- ૯૪૨૬૩૬૫૭૪૮
(૨) ઉપ પ્રમુખ - નીતાબેન યસવંતભાઈ ભગત ઈડર. મો. - ૯૩૭૫૫૧૧૧૮૯
(૩) મહામંત્રી - ગાયત્રી મનોજભાઈ દિવાણી હિંમતનગર. મો. - ૮૧૪૦૪૫૧૮૦૨
(૪) સહમંત્રી રૂક્ષમણી દામોદર પોકાર
(૫) ખજાનચી - શીલ્પાબેન વિજયભાઈ પોકાર તલોદ. મો - ૯૮૨૫૦૮૮૩૦૯
(૬)સહ ખજાનચી - રીન્કુબેન જીજ્ઞેશ છાભૈયા નવાનગર. મો-૯૪૨૭૬૮૮૭૩૩
(૭)-કુસુમબેન સંજયભાઈ રૂડાણી હિંમતનગર
(૮)-ભગવતીબેન અમૃતભાઈ વાસાણી ઈડર
(૯)-ભાવનાબેન પ્રફુલભાઈ ઠાકરાણી અમીરગઢ
(૧૦)-ગીતાબેન હિતેશભાઈ રૂડાણી મોહનપુર ફાર્મ
(૧૧)-હીરાબેન જયંતિલાલ પોકાર ગાંધીનગર સે લી

કારોબારી સભ્યશ્રીઓ
રસીકભાઈ ડી છાભૈયા, હિંમતનગર.
પ્રમુખ- મો - ૯૪૨૬૭૨૨૬૨૨
જેઠાભાઈ આર હળપાણી નવાનગર.
મહા મંત્રી - મો - ૯૪૨૭૪૫૫૯૬૩
સાબરકાંઠા ઝોન હિંમતનગર

પ્રમુખ- મહિલા સંઘ પાર્વતીબેન નાકરાણી

ગાયત્રીબેન દિવણી માહામંત્રી, સાબરકાંઠા મહિલા સંગઠન, (હિંમતનગર)

ગઈકાલે ઔરંગાબાદના વિસ્તાર નાં ૦૭ યુવકોના માર્ગ અકસ્માતમાં મોત થયા હતા.. કારણ હતું કારનું ટાયર ફાટવું

મહત્વપૂર્ણ MSG નવા બનેલા એક્સપ્રેસ વે પર આજકાલ વાહનોના ટાયર ફાટવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે.....

જેમાં રોજેરોજ કેટલાય લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.એક દિવસ મારા મનમાં પ્રશ્ન થયો કે મોટાભાગના અકસ્માતો દેશના સૌથી આધુનિક રસ્તાઓ પર જ કેમ થઈ રહ્યા છે? અને અકસ્માતની એક જ પદ્ધતિ છે અને તે પણ માત્ર ટાયર ફાટવાથી, હાઈવે બનાવનારાઓ દ્વારા રસ્તા પર એવા કયા પ્રકારના સ્પાઈક્સ મુકવામાં આવ્યા છે કે દરેકના ટાયર ફાટી જાય છે?

મન તો તોફાની થઈ ગયું છે એટલે વિચાર્યું કે આજે આ વાત શોધી કાઢીએ. તેથી ટીમ શોધવા માટે એકત્ર થઈ.

હવે સાંભળો, અમે પ્રયોગ માટે એક મિત્રને બોલાવ્યો અને અમે સ્કોર્પિયો એસયુવીમાં નીકળ્યા (નોંધ કરો કે વાસ્તવિક સમસ્યા ફ્લેટ ટાયર છે) સૌ પ્રથમ અમે કોલ્ડ ટાયરનું દબાણ તપાસ્યું અને તેને આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર ગોઠવ્યું જે 25 PSI છે. .

(બધા વિકસિત દેશોની કારમાં એકસરખું હવાનું દબાણ રાખવામાં આવે છે, જ્યારે આપણા દેશમાં લોકોને તેની જાણ હોતી નથી અથવા બળતણ બચાવવા માટે તેઓ ટાયરમાં જરૂરિયાત કરતાં વધુ હવા ભરે છે, જે સામાન્ય રીતે 35 થી 45 PSI છે. ..

સારું, ચાલો હવે આગળ વધીએ. આ પછી અમે ફોર લેન પર ચઢ્યા અને કાર દોડાવી..

વાહનની ઝડપ 120 - 140 KM/HR રાખવામાં આવી હતી..

બે કલાક આટલી ઝડપે કાર ચલાવ્યા બાદ અમે ઉદયપુર નજીક પહોંચ્યા. જ્યારે અમે રોકીને ફરી ટાયરનું પ્રેશર ચેક કર્યું તો તે ચોંકાવનારો હતો.હવે ટાયરનું દબાણ 52 PSI હતું

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે ટાયરનું દબાણ આટલું બધું કેવી રીતે વધી ગયું, તો તેના માટે જ્યારે ટાયર પર થર્મોમીટર મૂક્યું ત્યારે ટાયરનું તાપમાન 92.5 ડિગ્રી સેલ્સિયસ હતું,

આખું રહસ્ય હવે બહાર આવ્યું છે કે, રસ્તા પરના ટાયરોના ઘર્ષણ અને બ્રેક્સ ઘસવાથી ઉત્પન્ન થતી ગરમીને કારણે ટાયરની અંદરની હવા વિસ્તરી છે, B2B ટાયરની અંદર હવાનું દબાણ એટલું વધી ગયું છે.

અમારા ટાયરમાં હવા પહેલેથી જ આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ હોવાથી તે ફાટતા બચી ગયા હતા.

પરંતુ જે ટાયરમાં હવાનું દબાણ પહેલેથી જ વધારે છે (35 -45 PSI)..અથવા જે ટાયરમાં કટ હોય તેમાં વિસ્ફોટ થવાની શક્યતા વધુ હોય છે.

તેથી ફોર લેન પર જતા પહેલા તમારા ટાયરનું પ્રેશર ઠીક કરો અને સુરક્ષિત રાઈડનો આનંદ લો.હું એક્સપ્રેસ વે ઓથોરિટીને પણ વિનંતી કરું છું કે ડ્રાઇવરોને જાગૃત કરે, જેથી હાઇવેની મુસાફરી છેલ્લી યાત્રા ન બની જાય, તમારા તમામ ફેસબુક અને વોટ્સએપ મિત્રોને વિનંતી છે કે આ પોસ્ટને બને તેટલી વધુ શેર કરો.

આમ કરવાથી જો તમે એક જીવ પણ બચાવશો તો તમારો મનુષ્ય જન્મ ધન્ય થશે.
(હેલ્થ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ)

પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ બન્યા

કડોદરા મહાયજ્ઞ માં ત્રિપુરા રાજ્ય નાં સીએમ વિપ્લવ દેવ ની ઉપસ્થિતિ

વિપ્લવ દેવ ત્રિપુરા નરેશ જેમના પ્રયાસ થી ત્યાં શકિતપીઠ પુનઃ જાગૃત અને ભાજપા પણ શાસન માં

ગત રોજ ત્રિપુરા નરેશ વિપ્લવ દેવ.. ત્રિપુરા નાં મુખ્ય મંત્રી (ભાજપ)

જેઓ રાજ્યસભા નાં મેમ્બર અને હરિયાણા રાજ્યા નાં મુખ્ય પ્રભારી છે જેઓ કલ્યાણકારીકડોદરા ૧૦૮ કુંડી મહાયજ્ઞ માં પોતાના ગુરૂ જી હરીઓમ મહારાજનાં આદેશ થી ઉપસ્થિત રહ્યા છે. જેઓએ પણ આવા મહાયજ્ઞ ત્રિપુરામાં શકિતપીઠ ત્રીપુરેશવરી પુનઃ જાગૃત કરાવ્યા છે અને એની ફલશ્રુતિ ખૂબ પ્રાપ્ત કરી છે.

ત્રિપુરાસુંદરી શક્તિપીઠ એમણે ગુરુજી દ્વારા જાગૃત કરી સનાતન ધર્મની પરંપરા ને ઉજાગર કરેલ છે..

તેમનું અભિવાદન યજમાન પરીવાર ભાણજીભાઇ પોકાર દ્વારા કરવાનું ગૌરવ મળ્યું.

માત્ર ગુજરાત અને તેમાં કડોદરા સુરત તેઓ આ મહાયજ્ઞ માટે જ તેઓ પધારી યજ્ઞ માં આહુતિ આપવા ઉપસ્થિત રહેલ..

અદભુત કાર્ય ક્રમ માં જેઓ આ અલોકિક યજ્ઞ નાં દર્શન રાત્રે કર્યા અને બ્રહ્મ મહુર્ત નાં તેઓ પરોઢ નાં મહાયજ્ઞ માં યજમાન સાથે આહુતિ આપેલ.

ખાસ સાંજે અને સવારે તેમણે મહાઆરતી નો લાભ પણ લીધો જેને લાઈવ પ્રસારિત કરવામાં આવેલ અને પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવેલ

આ મહાયજ્ઞ નાં આયોજન બાબતે સહુ ને ઉત્સાહ સાથે અભિનદન પાઠવેલ. ગુજરાત ના પ્રવર્તમાન સમયે ચૂંટણી માં સહુ ને મતદાન કરવા અપીલ કરેલ અને મહાયજ્ઞ નાં આયોજન અને તેના ઉત્તમ પરિણામ બાબતે જણાવેલ.

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા–દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા–અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪